બાળકૃષ્ણ ખંડેરાવ શુકલ

(બાળુ શુકલ)

મુખ્ય દંડક

ગુજરાત સરકાર


ગુજરાત વિધાનસભા

સત્યમેવ જયતે

૧


ક્રમાંક :

ગુજરાત વિધાનસભા,

વિઠ્ઠલભાઈ પટેલ ભવન, બીજો માળ,

ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

ફોન નં. : (૦૭૯) ૨૩૨૨૦૯૪૮, ૨૩૨૨૪૨૯૬, ૨૩૨૫૩૦૧૮

ફેક્સ નં. : (૦૭૯) ૨૩૨૫૪૭૯૫

મો. નં. : ૯૮૭૯૫ ૧૫૧૨૮

ઈ-મેઈલ : raopura144@gmail.com


તારીખ : ૦૫-૦૨-૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી

નમસ્કાર...

**બુધવાર, તા.૦૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪**ના રોજ હાથ ધરાનાર પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) પરની ચર્ચામાં ભાગ લેનાર સભ્યશ્રીઓની યાદી.

| ક્રમ | માન.સભ્યશ્રીનું નામ | મતવિસ્તાર | પૂરક માગણી નં. | વિષય | મિનિટ |
|---|---|---|---|---|---|
| | **શ્રી કનુભાઈ દેસાઈ** | **માન. મંત્રીશ્રી** | | **નાણા વિભાગ** | |
| ૧ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૫૭-દસક્રોઈ | ૫ | સહકાર | ૦૬ |
| ૨ | શ્રીમતી સંગીતાબેન પાટીલ | ૧૬૩-લિંબાયત | ૧૦૨ | શહેરી વિકાસ | ૦૬ |
| ૩ | શ્રી અમિતભાઈ ઠાકર | ૪૨-વેજલપુર | ૭૯ | કુદરતી આફતો અંગે રાહત | ૦૬ |
| ૪ | શ્રી મહેશભાઈ કસવાલા | ૯૭-સાવરકુંડલા | ૩૯ | તબીબી અને જાહેર આરોગ્ય | ૦૬ |
| ૫ | શ્રી અર્જુનસિંહ ચૌહાણ | ૧૧૭-મહેમદાવાદ | ૪૯ | ઉદ્યોગો | ૦૬ |
| ૬ | શ્રી ઈશ્વરભાઈ પરમાર | ૧૬૯-બારડોલી (SC) | ૫ | સહકાર | ૦૬ |
| ૭ | શ્રી અમુલભાઈ ભટ્ટ | ૫૩-મણીનગર | ૧૦૨ | શહેરી વિકાસ | ૦૬ |
| ૮ | શ્રી સંજયભાઈ કોરડીયા | ૮૬-જૂનાગઢ | ૭૯ | કુદરતી આફતો અંગે રાહત | ૦૬ |
| ૯ | શ્રી ભગાભાઈ બારડ | ૯૧-તલાલા | ૩૯ | તબીબી અને જાહેર આરોગ્ય | ૦૬ |
| ૧૦ | શ્રી હાર્દિકકુમાર પટેલ | ૩૯-વિરમગામ | ૪૯ | ઉદ્યોગો | ૦૫ |
| ૧૧ | શ્રી વિપુલભાઈ પટેલ | ૧૧૪-સોજીત્રા | ૫ | સહકાર | ૦૫ |
| ૧૨ | શ્રી પ્રવિણભાઈ ઘોઘારી | ૧૬૨-કરંજ | ૧૦૨ | શહેરી વિકાસ | ૦૫ |
| ૧૩ | શ્રી વિનોદભાઈ મોરડીયા | ૧૬૬-કતારગામ | ૭૯ | કુદરતી આફતો અંગે રાહત | ૦૫ |
| ૧૪ | શ્રી માનસિંહ ચૌહાણ | ૧૨૧-બાલાસિનોર | ૩૯ | તબીબી અને જાહેર આરોગ્ય | ૦૫ |
| ૧૫ | શ્રી ચૈતન્ય મકરંદ દેસાઈ | ૧૪૩-અકોટા | ૪૯ | ઉદ્યોગો | ૦૫ |
| ૧૬ | શ્રી સુખાજી ઠાકોર | ૨૩-બેચરાજી | ૫ | સહકાર | ૦૫ |
| ૧૭ | ડૉ. પાયલબેન કુકરાની | ૪૭-નરોડા | ૧૦૨ | શહેરી વિકાસ | ૦૫ |
| ૧૮ | શ્રી રીતેશભાઈ વસાવા | ૧૫૨-ઝઘડીયા (ST) | ૭૯ | કુદરતી આફતો અંગે રાહત | ૦૫ |
| ૧૯ | શ્રી અરવિંદભાઈ રાણા | ૧૫૯-સુરત પૂર્વ | ૩૯ | તબીબી અને જાહેર આરોગ્ય | ૦૫ |
| ૨૦ | શ્રી સરદારભાઈ ચૌધરી | ૨૦-ખેરાલુ | ૪૯ | ઉદ્યોગો | ૦૫ |
| ૨૧ | શ્રી કાળુભાઈ ડાભી | ૫૯-ધંધુકા | ૫ | સહકાર | ૦૫ |
| ૨૨ | શ્રી દિનેશસિંહ કુશવાહ | ૪૯-બાપુનગર | ૧૦૨ | શહેરી વિકાસ | ૦૫ |
| ૨૩ | શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા | ૧૩૭-છોટાઉદેપુર (ST) | ૭૯ | કુદરતી આફતો અંગે રાહત | ૦૫ |
| ૨૪ | શ્રી ચૈતન્યસિંહ ઝાલા | ૧૪૬-પાદરા | ૩૯ | તબીબી અને જાહેર આરોગ્ય | ૦૫ |
| ૨૫ | શ્રી ભરતભાઈ પટેલ | ૧૭૯-વલસાડ | ૪૯ | ઉદ્યોગો | ૦૫ |
| ૨૬ | શ્રી શિવાભાઈ ગોહિલ | ૯૯-મહુવા | ૫ | સહકાર | ૦૫ |
| ૨૭ | ડૉ. દર્શિતા શાહ | ૬૯-રાજકોટ પશ્ચિમ | ૧૦૨ | શહેરી વિકાસ | ૦૫ |
| ૨૮ | શ્રી ફતેસિંહ ચૌહાણ | ૧૨૭-કાલોલ | ૭૯ | કુદરતી આફતો અંગે રાહત | ૦૫ |
| ૨૯ | શ્રી કલ્પેશભાઈ પરમાર | ૧૧૫-માતર | ૩૯ | તબીબી અને જાહેર આરોગ્ય | ૦૫ |
| **૩૦** | **શ્રી કનુભાઈ દેસાઈ** | **માન. મંત્રીશ્રી** | | **નાણા વિભાગ** | **૩૦** |

કુશળ હશો...

આપનો સ્નેહાધીન,

(સહી)

**(બાળકૃષ્ણ ખંડેરાવ શુકલ)**

સરકારના મુખ્ય દંડક

પ્રતિ, **માન.અધ્યક્ષશ્રી,** ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**માન. અધ્યક્ષશ્રી,**

તબીબી અને જાહેર આરોગ્ય વિભાગ માટે માનનીય આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ માંગણી નં. ૩૯ મહેસુલ ખર્ચ માટે રૂ.૩૧૬.૦૫ કરોડ અને કેપીટલ ખર્ચ માટે રૂ. ૪૧૪.૪૨ કરોડની પુરક માંગણી આ સન્માનીય સભાગૃહમાં લાવ્યા છે, જેને હું અનુમોદન આપું છું.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજયમાં નવા ૨૨ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત થતાં ૧૦૬૮ PHC ના પગાર ભથ્થા, કન્ટીજન્સી, દવા, આશા ફેસીલીટરને તથા હેલ્થ વર્કર, સુપરવાઈઝરો વિગેરેના ઇન્સેન્ટિવમાં વધારો તથા સર્વેલન્સ પ્રોત્સાહનમાં વધારાના લીધે રેવન્યુ ખર્ચ વધવા પામેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

રાજકોટ ખાતે લેબોરેટરીના સાધનો, મકાન, મેનપાવર મંજુર થતાં તથા ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીની સંસ્થાઓના પગાર ભથ્થા અને કન્ટીજન્સીની લોન પેટે કેપીટલ ખર્ચ ને પહોંચી વળવા લોન પેટે મૂડી ખર્ચ વધવા પામેલ છે. જે પુરક માંગણી રાજયના હિતમાં હોય મંજૂર થવા પાત્ર છે.

**માન. અધ્યક્ષશ્રી,**

હાલમાં ગુજરાત રાજયમાં -

- ૯૨૩૧ પેટાકેન્દ્રો (સબ સેન્ટર)
- ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પ્રાયમરી હેલ્થ સેન્ટર) PHC
- ૩૬૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો (કોમ્યુનિટી હેલ્થ સેન્ટર) CHC

કાર્યરત છે, જે દેશમાં અગ્રિમ હરોળમાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

સારૂ આરોગ્યસ્તર એ ફકત વ્યકિતના નહીં પરંતુ કુટુંબ અને સમગ્ર રાજયના વિકાસમાં અહમ ભૂમિકા ધરાવે છે. આરોગ્ય સંભાળ સેવાઓ તમામ નારગિકોને સુલભ અને ગુણવત્તાસભર મળી રહે તે માટેની અમારી પ્રતિબદ્દતા અડગ છે અને આ સેવાઓને વધારવા અને સુધારવા માટે અમે સતત પ્રયત્નશીલ છીએ. જરૂરી આરોગ્ય સેવાઓ સુચારૂં રૂપે મળી રહે તે માટે ગુજરાત સરકાર કટિબદ્દ છે.

મા. અધ્યક્ષ શ્રી,

હું પુણ્ય સલીલા સુર્યપુત્રી "મા તાપી" નદીની પવિત્ર ભૂમિ સુરતથી આવું છું.

ગંગા સ્નાને... યમુના પાને...
નર્મદા દર્શને.... તાપી સ્મરણે....

મા. અધ્યક્ષ શ્રી,

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ માં દેશભરમાં ગુજરાતનું ગૌરવ એવા મારા સુરતે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. તે બદલ સુરતની જનતાને અભિનંદન આપી આભાર માની વિરમું છું.

મા. અધ્યક્ષ શ્રી,

ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સ્વચ્છ સુરતનું બિરુદ પ્રાપ્ત થયું છે.

મા. અધ્યક્ષ શ્રી,

મારે આ સન્માનનીય સભાગૃહમાં જણાવવું છે કે 1994 માં સુરત શહેરમાં પ્લેગ આવ્યો હતો. 1994 પહેલાં સુરતમાં કોંગ્રેસનું શાસન હતું સુરતની ગંદકી દુર કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વએ કર્યું હતું.

गुजरात विधानसभा

મા. અધ્યક્ષશ્રી,

1995 માં સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં સુરતની જનતાએ ૯૯ માંથી ૯૮ સીટ ભાજપને આપી. કોંગ્રેસની એક પણ બેઠક આવી ન હતી. કોંગ્રેસનો સફાયો થઈ ગયો હતો.

મા. અધ્યક્ષશ્રી,

ભારતીય જનતા પાર્ટીએ ગંદકી સુરતમાં ગંદકીનું નામો નિશાન મીટાવી દેવા ઝાડુ ઝડપ્યું અને પરિણામ એ આવ્યું કે 1996 માં દેશમાં ચંડીગઢ પછી સુરત સ્વચ્છતામાં બીજા ક્રમે આવ્યું હતું.

મા. અધ્યક્ષશ્રી,

છેલ્લા ચાર વર્ષથી સુરત સ્વચ્છતામાં બીજા ક્રમે આવે છે. હવે પ્રથમ ક્રમે આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

સૌ પ્રથમ હું આપણા આરોગ્ય સંભાળતા કર્મચારીઓના પ્રયત્નોની પ્રશંસા કરૂં છું જેઓ આપણા લોકોની સુખાકારીની ખાતરી કરવા માટે દિવસ-રાત અથાક મહેનત કરે છે. તેમનું સમર્પણ આપણાં અત્યંત આદર અને સમર્થનને પાત્ર છે.

**માન. અધ્યક્ષશ્રી,**

વધુમાં, અમે રોગોના બોજને ઘટાડવામાં નિવારક આરોગ્ય સંભાળ પગલાંના મહત્વને ઓળખીએ છીએ, જાગૃતિ અભિયાનો, રસીકરણ અભિયાનો અને આરોગ્ય શિક્ષણ કાર્યક્રમો દ્વારા, અમારૂં લક્ષ્ય અમારા નાગરિકોને તેમના સ્વાસ્થ અને સુખાકારીની જાળવણી તરફ સક્રિય પગલાં ભરવા માટે સશકત કરવાનો છે.

**માન. અધ્યક્ષશ્રી,**

વધુમાં, અમે સમાજના તમામ વર્ગો માટે તેમની સામાજિક-આર્થિક સ્થિતિને અનુલક્ષીને આરોગ્ય સંભાળની સમાન પહોંચ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબધ્ધ છીએ.

માનનીય સ્પીકરશ્રી અને વિધાનસભાના આદરણીય સભ્યોશ્રી,

સારું આરોગ્યસ્તર એ ફક્ત વ્યક્તિના નહીં પરંતુ કુટુંબ અને સમગ્ર રાજ્યના વિકાસમાં અહમ ભૂમિકા ધરાવે છે. અમારા મતવિસ્તાર સુરત પૂર્વ માં આરોગ્યસંભાળ સેવાઓ તમામ નાગરિકોને સુલભ અને ગુણવત્તાસભર મળી રહે તે માટેની અમારી પ્રતિબદ્ધતા અડગ છે અને આ સેવાઓને વધારવા અને સુધારવા માટે અમે સતત પ્રયત્નશીલ છીએ. જરૂરી આરોગ્ય સેવાઓ સુચારું રૂપે મળી રહે તે માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

સૌપ્રથમ, હું આપણાં આરોગ્યસંભાળના કર્મચારીઓના પ્રયત્નોની પ્રશંસા કરું છું જેઓ આપણાં લોકોની સુખાકારીની ખાતરી કરવા માટે દિવસ-રાત અથાક મહેનત કરે છે. તેમનું સમર્પણ આપણાં અત્યંત આદર અને સમર્થનને પાત્ર છે.

૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતની કુલ વસ્તી ૬.૦૪ કરોડ છે. જેમાંથી કુલ વસ્તીના ૨.૫ કરોડ લોકો (૪૨.૬ %) શહેરી વસ્તી છે. અને હાલમાં લગભગ ૪૫.૯ % વસ્તી શહેરી વસ્તી છે.

દક્ષિણ ગુજરાતમાં સુરત એક મોટું આર્થિક હબ છે. સુરત હીરાના ઉધ્યોગ માટે પ્રખ્યાત છે. સુરતમાં રાજ્યના વિવિધ સ્થળેથી કામગીર માટે આવે છે. સુરતના શહેરી વિસ્તારમાં રહેતી વસ્તી કુલ ૬૯ લાખ જેટલી અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતી વસ્તી કુલ ૧૨ લાખ જેટલી છે.

- તબીબી શિક્ષણ એ રાજ્યની આરોગ્ય સિસ્ટમનો પાયો છે. ગુણવત્તા યુક્ત તબીબી શિક્ષણ પર રાજ્યના નાગરિકોની આરોગ્ય અને સુખકારીનો આધાર છે.
- દેશની આઝાદીના 60 વર્ષમાં 298 મેડિકલ કોલેજો કાર્યરત હતી જેની સંખ્યા વધીને ૨૦૨૪ સુધીમાં ૭૦૬ થયો છે.
- રાજ્યના છેવાડાના નાગરિકને પણ ઉચ્ચ કક્ષાની સંભાળ મળી રહે તે માટે દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવા માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન ગુજરાત સાકાર કરી રહ્યું છે.
- વર્ષ 2001 આ ગુજરાતમાં ફક્ત 9 મેડિકલ કોલેજ કાર્યરત હતી જેની બેઠક ક્ષમતા 1125 હતી જેની સામે અત્યારે કુલ ૪૦ મેડિકલ કોલેજ કાર્યરત છે

જેની બેઠક ક્ષમતા ૭૦૫૦ છે. આ ઉપરાંત મેડિકલ ક્ષેત્રે અનુસ્નાતક અભ્યાસ માટે ૨૩૪૭ ડિગ્રી અને ડિપ્લોમની બેઠકો ઉપલબ્ધ છે.

- બે દાયકા પેલા સુરત જિલ્લાના નાગરિકો સુધી આરોગ્ય સંભાળ સુવિધાઓ અને સુરતના વિદ્યાર્થીઓને વધુ સારી શૈક્ષણિક તકો આપવા માટે સુરતમાં ૨ મેડિક્લ કોલેજની સ્થાપના કરવામાં આવી હતી. આ ૨ મેડિકલ કોલેજ ખાતે ૨૨૦ બેઠક ક્ષમતા હતી જે હાલની પરિસ્થિતીએ વધીને ૫૦૦ બેઠકોની થઈ છે.

આરોગ્ય સંભાળની જરૂરિયાતો અને શહેરી રહેવાસીઓની આકાંક્ષાઓ ગ્રામીણ વિસ્તારો કરતા અલગ છે. અમે સમાજના તમામ વર્ગો માટે તેમની સામાજિક-આર્થિક સ્થિતિને અનુલક્ષીને આરોગ્ય સંભાળની સમાન પહોંચ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

અમારું લક્ષ્ય અમારા નાગરિકોને તેમના સ્વાસ્થ્ય અને સુખાકારીની જાળવણી તરફ સક્રિય પગલાં ભરવા માટે સશક્ત કરવાનો છે.

જેમ જેમ આપણે ભવિષ્ય તરફ નજર કરીએ છીએ તેમ, આપણે નવીનતા અને વિકસતા આરોગ્યસંભાળ લેન્ડસ્કેપમાં અનુકૂલન કરવાનું ચાલુ રાખવું જોઈએ. આમાં હેલ્થકેર ડિલિવરી સુધારવા, સંશોધન અને વિકાસમાં રોકાણ અને સંસાધનો અને કુશળતાને મહત્તમ કરવા માટે જાહેર અને ખાનગી ક્ષેત્રો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

નિષ્કર્ષમાં, હું અમારા મતવિસ્તારમાં આરોગ્યસંભાળ સેવાઓને મજબૂત કરવા માટે અમારી સરકારની અતૂટ પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરું છું. સાથે મળીને કામ કરીને અને આપણા નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રાથમિકતા આપીને, આપણે બધા માટે સ્વસ્થ અને વધુ સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ કરી શકીએ છીએ.

આભાર.